વન અને પર્યાવરણ વિભાગ ખાતે ઉપસચિવ
(તપાસ)ની ૦૧ જગ્યા સને ૨૦૨૫-૨૬ ના વર્ષમાં
ચાલુ રાખવા વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃFED/EEF/e-file/6/2024/2538/A,
સચિવાલય, ગાંધીનગર,
તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા :

(૧) વન અને પર્યાવરણ વિભાગનો તા.૦૪/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક : FED/MSM/e-file/6/2023/2959/A

ઠરાવ:-

ઉપર વંચાણે લીધેલ ઠરાવથી સને ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં વન અને પર્યાવરણ વિભાગમાં ઉપસચિવ (તપાસ) ની ૦૧(એક) જગ્યા માટે રૂ.૫૬,૧૦૦/- રૂ. ૧,૭૭,૫૦૦/- (લેવલ-૧૦) માટે અયોજન બહારના સદરે રૂ.૧૨.૧૮/- લાખની (અંકે રૂપિયા બાર લાખ અઢાર હજાર પુરા) ની નવી બાબત તરીકે વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

(૨) નાણા વિભાગનાં તા. ૨૬/૦૬/૨૦૨૩ના પરિપત્રની જોગવાઈ અન્વયે ઉક્ત વિભાગ ખાતે ૦૧ ઉપ સચિવશ્રીની ૦૧ જગ્યા માટે નાણા સલાહાકારશ્રીની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા. ૧૮/૦૩/૨૦૨૫ થી મળેલ સંમતિ અન્વયે આ જગ્યા તા.૨૮.૦૨.૨૦૨૬ સુધી ચાલુ રાખવા નીચેની શરતોને આધીન વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ યોજનાનો ખર્ચ તા. ૦૧.૦૪.૨૦૨૫ થી કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સૂથાચી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરનન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૯. ઉકત જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં માંગણી નં. ૨૫, હેઠળના "મુખ્ય સદર-૩૪૫૧ સચિવાલય સામાન્ય સેવાઓ, (૦૯૦) સચિવાલય, (૦૧) વન અને પર્યાવરણ વિભાગમાં ઉપસચિવ(તપાસ)ની ૦૧ નવી જગ્યા ઉભી કરેલ જગ્યા ચાલુ રાખવા (આયોજન બહાર) હેઠળ ઉધારવાનું રહેશે અને અંદાજપત્રમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં આ હેતુ માટે કરવામાં આવેલ જોગવાઇમાંથી ખર્ચ મેળવવાનો રહેશે.

(૪) વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીની તા:- ૧૮/૦૩/૨૦૨૫ ની નોંધથી તેમજ અગ્ર સચિવશ્રી(વન અને

પર્યાવરણ વિભાગ) ની તા:-૧૯/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવન એ. ભાવસાર)
ઉપસચિવ
વન અને પર્યાવરણ વિભાગ

<u>નકલ રવાના:</u>

- માન.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (વન અને પર્યાવરણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી. વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય , ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી/ખ(૧) શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (વન અને પર્યાવરણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના વર્ગ -૧ ના સર્વે અધિકારીશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી / ઝ(૧) શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા (૨ નકલ) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.



Signature valid
Signed by:BHAVAN BHAVSAR
Under Secretary
Date:2025.04.01
16.34 07